**To become Employable – “Not the Score ,but Learning matters”**

**Article published in Gujarat Samachar Ahmedabad City-2 dated 21/2/2014 .**

તા. 21-2-14 ગુજરાત સમાચાર અમદાવાદ સિટી-૨

# જોબ મેળવવા ટકા કરતા આવડત જરૂરી છે

અભ્યાસ પૂર્ણ થતા વિદ્યાર્થીઓ જોબ માટે દોડાદોડી કરતા હોય છે. પોતાની પાસે સારૂ નોલેજ અને સારી ટકાવારી હોવા છતાં જોબ મળતી નથી આ વાતને ધ્યાનમાં રાખીને જોબ કેવી જગ્યાએ, કઈ રીતે અને કેવા અભ્યાસ બાદ મળી રહે તેના માટે કેવા સંઘર્ષો કરવા પડે છે તેના માટે સોલા ખાતે આવેલી સિલ્વર ઓક કોલેજ અને આઈઆઈએમટી મળીને એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેમાં અમદાવાદ ઉપરાંત ગુજરાતની અન્ય કોલેજના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

આં સેમીનારમાં હાજર રહેલી સ્ટુડન્ટસ આયુષી ઠક્કર કહે છે કે એક એન્જીનીયર માટે સારી જોબ મેળવવા માટે તેનામાં મેનેજમેન્ટ સ્કીલ હોવી પણ અત્યાંત જરુરી છે આ સેમીનારમાં અમને જોબના ઓપ્શન ઉપરાંત મેનેજમેન્ટની સ્કીલ પણ સમજવા મળી હતી. જોબ મેળવવા જતા વિદ્યાર્થીઓ પાસે કોર્પોરેટ કંપનીઓ શું અપેક્ષા



**કેવા પ્રકારના અભ્યાસ બાદ કેવી જોબ મળી શકે તે બાબતો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરાઈ**

રાખે છે તે પણ અમને જાણવા મળ્યુ હતું. ગુજરાતમાં હજી પણ ઈ.સીના સારા સ્કોપ છે. અમે પણ અમારી ડ્રીમ જોબ મેળવી શકીએ છીએ અને કંપનીઓની અપેક્ષાઓ મુજબ અમે કાર્ય પણ કરી શકીએ.

ઈલેક્ટ્રીકના વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા માટે ટેકનીકલ માં પી.સી ડિઝાઈનની સમજ આપવા માટે આઈઆઈએમટી માંથી મીતુલભાઈ અને મેનેજમેન્ટની સમજ આપવા માટે બોંગલોરથી પ્રિયંકા ગુપ્તા આવી હતી.

વિદ્યાર્થી અભ્યાસ શરુ કરે તેના પહેલા તે જોબ માટે વિચારવાનું શરુ કરે છે પરંતુ સારી આવડત હોય તો જોબ તો સામેથી આવશે.